દિવ્ય ભાસ્કર, પાના નં.૦૩, તા-૨૫.૦૯-૨૦૨૩

# ગાંધીનગરમાં મેટ્રો ફેઝ-2નો સૌથી લાંબો 47 મીટરનો ગર્ડર લોન્ચ



અમદાવાદ મેટ્રો ફેઝ-2માં મોટેરાથી મહાત્મા મંદિર સુધી તેમજ જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધીની લગભગ 30 કિલોમીટર રૂટની કામગીરી 2024ના અંત સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી)ના અધિકારીએ જણાવ્યું હતું. આ કામગીરીના ભાગરૂપે જીએમઆરસી દ્વારા ફેઝ-2માં ચ-0 સર્કલ પર સૌથી લાંબો 47 મીટરનો કમ્પોઝીટ ગર્ડર સફળતા પૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે. આ ગર્ડર્સનું વજન 300 મેટ્રીક ટન છે. કમ્પોઝીટ ગર્ડર નિર્ધારિત 36 કલાકના સમયને બદલે 24 કલાકમાં જ કામગારી પૂર્ણ કરવામાં આવ હતી.